Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના વિચાર કેન્દ્રી સાહિત્યકૃતિ "મહાત્માની પગદંડી પર...ગાંધીજી અને સ્વચ્છતા"

**રામાભાઈ બાવાભાઈ ચૌધરી**
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ., Ph.D. ઈતિહાસ વિભાગ

- **પ્રસ્તાવના :-**

**" હું કહેવાની ધૃષ્ટતા કરું છું કે રાષ્ટ્રના આરોગ્ય સુરક્ષા એ સ્વરાજયનું જ કામ છે,અને કોઈ પણ સંજોગમાં એક દિવસ માટે પણ એ મુલતવી ન રખાય." - ગાંધીજી**

ગાંધીજીનો સ્વચ્છ હિંદનો વ્યાય વિશાળ છે. હાથમાં ઝાડું લઈને ઉભેલા ગાંધીજીની તસ્વીર આ યુગપુરુષની મજાક બની રહે છે. ગાંધીજી હિંદને આત્માથી સાફ અને સુથાર જેવા માંગતા હતા. સામન્ય નાગરિકના જીવનની અને પાડોશને અસ્વચ્છ રાખવાની પધ્ધતિથી તેઓ દુઃખી હતા.તેઓદક્ષિણ આફ્રિકામાં ગીરમીટીયા અને હિંદી વ્યાપારીઓને નાગરિક અધિકાર ના આપવા અંગ્રજો સતાધીશોએ રજુ કરેલા ગંદકી અને અસ્વચ્છતા અંગેના બહાનાથી વાકેફ હતા.મ્યુનિસિપાલિટીના અધિકારીઓ અને સરકારે હિંદી કોમની ગંદી અને હિંસક વસાહતોને વખોડી કાઢી હતી. ગાંધીજીએ પૂરતા પુરાવા સાથે આ વાતનો વિરોધ કર્યો હતો.

સ્વચ્છતા અને આરોગ્યને સુધારવાનું જણાવતા સમયે ગાંધીજીના મનમાં આ પીડિત સમુદાયને ભારતીય સમાજની મુખ્ય ધારામાં કોઈપણ પૂર્વગ્રહ કે દુર્ભાવ વિના ભેળવી દેવાનો નક્કર ખ્યાલ હતો. સ્વચ્છ ભારત માટે અસ્પૃશ્યતા નિવારણ ગાંધીજીની અંગભૂત ચળવળ હતી.જેને પુનર્જીવિત કરવી સમયની માગ છે.

ગાંધીજી જીવનપર્યંત જાહેર અને સામાજિક સેવામાં સ્વયંને ઓતપ્રોત કરીને દેહ અને આત્માની સફાઈ કરતા રહ્યા."આજે તમામ હિંદીઓં સ્વચ્છાએ શુદ્ર નામ ધારણ કરે એમ હું ઈચ્છું છુ."

- **દક્ષિણ આફ્રિકામાં સ્વચ્છતા અંગે ગાંધીજીના પ્રયાસો -:**

દક્ષિણ આફ્રિકામાં ત્રણ વર્ષ નિવાસ બાદ 1896 માં છ માસ રોકવાના વિચાર સાથે ગાંધીજી હિન્દુસ્તાન આવ્યા તેમનું ઈરાદો હિન્દ ભદ્ર સમાજ અને હિન્દુસ્તાનમાં શાસન કરી રહેલી અંગ્રેજ સરકારમાં દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન અંગે સંવેદના સંચારનો હતો.'લીલા ચોપાનિયા'માં તેમણે દક્ષિણ આફ્રિકામાં હિન્દુઓની કરુણ પરિસ્થિતિ રજૂ કરી હતી. આ ચોપાનિયામાં તેમણે અંગ્રેજ અને અન્ય યુરોપિયન દ્વારા હિન્દુઓ ગંદા હોવાના આરોપ પણ દર્શાવ્યો હતો.અલબત્ત તેમણે હિંદુઓની શક્ય તેટલા ચોખા રહેવાની તરફેણ કરી અને સ્વચ્છતાના ઓઠા હેઠળ હિન્દી સમુદાયને ખદેડવાના સંસ્થાનવાદી

વહિવટદારોના પ્રયત્નો સામે ગાંધીજીના નેતૃત્વની સાથે લડાઈ ચાલુ રહી.

પરંતુ સ્વચ્છતાનો મુદ્દો અટક્યો નહીં ગાંધીજીના મતે ગોરાઓના અણગમાનું મૂળ કારણ તો રંગ ભેદ હતું ગંદાપણું તો કાલ્પનિક હતું. જેનો વારંવાર આધાર લેવામાં આવતો હતો. જાણીતા તબીબો જાહેર આરોગ્ય કર્મચારીઓના પ્રમાણપત્રો પણ શાસન કર્તાઓને સંતોલ આપી શકતા ન હતા. ટ્રાન્સવાળના વસાહતી કાયદાને અનુસરીને જ્યારે ડર્બનના મેયરે પણ હિન્દી વ્યાપારીઓ સામે નાતાલ કાયદો દાખલ કરવાની કોશિશ કરી. ત્યારે ગાંધીજીએ તેમને ટ્રાન્સવાલ માં હંગામી ધોરણે લાગુ કરાયેલા અસંગત અને જુના કાયદાને નાતાલમાં લાગુ કરવાનો અપરિપક્વ પ્રયાસ તરીકે ઓળખાવ્યો.

ઇન્ડિયનઓપીનિયન ના ઈ.સ.1904 અને ઈ.સ.1905ના અંકોમાં મરકી, સ્વચ્છતા ના હિન્દી વેપારીઓને પરવાના, વસાહતો અંગેના તબીબી હેવાલો અને તેની ટીકાઓનો સમાવેશ થતો હતો. જાણે કે ગાંધીજી હિન્દી કોમમાં સ્વચ્છતા અને સફાઈ માટે જનુંની બન્યા હતા. અને આ મુદ્દા માટે કોમને ઢંઢોળવાની એક પણ તક જવા દેવાય માંગતા ન હતા. તેમના માટે મહત્વની આ રાજકીય લડાઈનું પણ હતું, તેમનું મુખ્ય લક્ષ્ય દક્ષિણ આફ્રિકાના નગરો,શહેરોમાં હિન્દી કોમાં માટે સ્વચ્છતા અને સુઘડ વસાહનો મેળવવાનું હતું.

1914 ના અંત સુધી ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રહ્યા. વસાહત અને નાગરિકતા ને લગતા ગંભીર મુદ્દાઓને જગ પ્રસિધ્ધ સત્યાગ્રહને જન્મ આપ્યો. સ્વચ્છતાનો મુદ્દો ગૌણ બન્યો. 22 ઓગસ્ટ 1906 ના ટ્રાન્સવાલના અસામાન્ય રાજપત્રમાં પ્રકાશિત થયેલો અધિનિયમ કાળા કાયદા તરીકે જાણીતો થયો. જેમાં હિંદીઓના પ્રાથમિક નાગરિકો હકો પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. અને દરેક હિન્દ ફરજિયાત નોંધણી પામેલા દેશાગત બની રહ્યા, ગાંધીજીના મતે અંગ્રેજોની હિન્દી પ્રત્યેની ગેરસમજ ની નફરતનું આ પરિણામ હતું. હિંદીઓ માટે 'કરો યા મરો'ની સ્થિતિનું નિર્માણ હોવાથી તેમની લાગણી હતી. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ ઇતિહાસમાં જાણીતા બનેલા સત્યાગ્રહ અહિંસક પ્રતિકાર અને ચળવળ ના કારણે હિંદીઓએ નાગરીક હકો મેળવ્યા.

- **હિંદમાં સ્વચ્છતા અંગે ગાંધીજીના પ્રયાસો** -:

ગાંધીજી અને કસ્તુરબા 9 જાન્યુઆરી 1915 ના દિવસે મુંબઈ (ત્યારે બોમ્બે) ઉતર્યા, સ્વચ્છતા અંગેનું પ્રથમ અનુભવ મુંબઈ થી રાજકોટના રેલવેપ્રવાસ દરમિયાન થયો. ત્રીજા વર્ગના સામાન્ય માનવીની જેમ મુસાફરી કરી રહ્યા હતા. કાઠીયાવાડમાં મર કરી ફાટી નીકળી હતી. ત્રીજા વર્ગના મુસાફરોની તબીબી તપાસ થતી હતી. ગાંધીજીને થોડા તાવ હતો. તપાસ અધિકારીઓએ ગાંધીજીને રાજકોટના તબીબી અધિકારીને મળવા જણાવ્યું, ગાંધીજીના પરિચિતોએ વિરોધ કર્યો. પરંતુ ગાંધીજીએ અધિકારને જવાબદારીની પ્રશંસા કરી અને સલાહ પણ સ્વીકારી. 17 જાન્યુઆરી 1915 ના દિવસે રાજકોટ પહોંચીને. તેઓ તબીબી અધિકારીને મળવા ગયા.

આવનાર મહિનાઓમાં ગાંધીજીએ દેશમાં ગંદકી,અસ્વછતા, બીન આરોગ્યપ્રદ વાતાવરણ, ધૂળ અને કચરો જોયા અને તેનો અનુભવ પણ કર્યો. પ્રથમ ચાર માસમાં દેશભરમાં ભ્રમણ દરમિયાન ગાંધીજી રેલવેમાં ત્રીજા વર્ગના અને વહાણમાં તૂતક (ડેક) પરના મુસાફર તરીકે પ્રવાસ કરવાનું નક્કી કર્યું. તેમના રાજકીય ગુરુ ગોપાલ કૃષ્ણ ગોખલે તેમને આંખ અને કાન ખુલ્લા પણ જાહેરમાં મૌન રહીને એક વર્ષ હિંદમાં ફરી દેશને ઓળખવાનું જણાવ્યું હતું. ગાંધીજીને વાસ્તવિકતાના દર્શન કરાવ્યા. પરંતુ ગાંધીજી દક્ષિણ આફ્રિકાના ગિરમીટિયા અને ગરીબોને અંગ્રેજ શાસનમાં પડતી હાડમારીઓ જાણતાં હોવાથી. તેમને માટે આ નવું ન હતું. થોડા સમયમાં સ્વચ્છતા, સફાઈ તથા માથે મેલુ ઉપાડનાર અને અન્ય સફાઈ કામદારોની દયનીય સ્થિતિ દૂર કરવાને જીવનનું એક મહત્વનું કાર્ય બનાવ્યું.

દેશમાં સ્વચ્છતા ની સમસ્યા અંગે ગાંધીજીએ ઊંડી સમજ મેળવી લીધી હતી. મદ્રાસની સામાજિક સેવા લિગની સભામાં નિશાળનું શિક્ષણ સ્વચ્છતાની કેળવણી આપવામાં ચાવીરૂપ હોવાનું જણાવ્યું હતું. 20 માર્ચ 1916 ના રોજ ગુરુકુળ કાંગડીના વાર્ષિક ઉત્સવ નિમિત્તે ગાંધીજીએ જણાવ્યું આરોગ્ય અને સુઘડતાના નિયમોનું અને બાળકોને ઉછેરવાનું જ્ઞાન પણ ગુરુકુળના વિદ્યાર્થીને અવશ્ય આપવું જોઈએ, ગુરુકુળ કાંગડીના સત ધર્મ પ્રચારક સામાયિક માટે ગાંધીજીએ શિક્ષણ પધ્ધતિ લેખમાં તંદુરસ્ત શરીરને સારા શિક્ષણ માટેની આવશ્યક શરત કઈ હતી. આ માટે તંદુરસ્તી અને આરોગ્યના સિધ્ધાંતમાં બાળપણથી જ શિક્ષિત થવું જરૂરી હતું.

ઓક્ટોબર 1917માં ભરૂચમાં બીજી ગુજરાત શૈક્ષણિક પરિષદને સંબોધતા ગાંધીજીએ જણાવ્યું હતું' કે તેમના માટે તો દેશમાં શિક્ષણનું સ્તર એ કાળા ધબ્બા સમાન હતું. શિક્ષિત તબીબો મરકી જેવા રોગને દેશમાંથી નાબૂદ કરી શકયા ન હતા.

15 ઓક્ટોબર 1917માં ભાગલપુર ખાતે બિહાર વિદ્યાર્થી પરીષદને સંબોધતા, ગાંધીજી સ્વચ્છતા અને આરોગ્ય અંગે વાત કરવાની તક ચુકે ખરા? તેમણે વિદ્યાર્થીઓને યોગ્ય વર્તન તથા રેલમાં પ્રવાસ કરી રહેલા અન્યને શિક્ષિત કરવા સલાહ આપી. જે ખાનામાં આપણે બેસીએ તે ખાનાના મુસાફરીને ગાડીમાં ગંધવાડો કરવાથી થતી હાની વિશે આપણે સમજાવી શકીએ. લોકોને સ્વચ્છતાના નિયમ શીખવાડવાનો પરમ સુંદર અવસર છોડી દેવો જોઈએ નહીં.

નવેમ્બર 1917માં ગોધરા ખાતે મળેલી ગુજરાત રાજકીય પરીષદને ગાંધીજીએ સંબોધતા સ્વચ્છતા મુદ્દાનો વિશે ઉલ્લેખ કર્યો. અગાઉથી જેમ આ મુદ્દાને સ્વસાશન સાથે જોડ્યો. નિષ્ફળતા વહીવટ તંત્ર અને લોકો બંને પક્ષે હતી, મરકીએ દેશમાં ઘર કરી દીધું હતું કોગળિયું (કોલેરા )અને ટાઢીયા થાવ(મેલેરિયા)ને કારણે પ્રતિવર્ષ મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા હતા. સરકારની જવાબદારી અને લોકોની ગરીબાઈ,ઉપરાંત તેમના મતે મરકી માટે આપણે આખી જવાબદારી કબુલ કરવી પડશે. એ ખૂબીની વાત છે કે, જ્યારે

આપણા રહેવાના વિભાગમાં મરકી કેર વર્તાવી રહી હોય છે. ત્યારે જ્યાં અંગ્રેજો વસે છે. ત્યાં તે જઈ શકતી નથી. કારણો પણ તુરંત સમજાય છે. ત્યાં હવા સાફ છે. ઘરે છૂટા છે. રસ્તા પહોળા અને સાફ છે. અને જંગલ જવાની ટેવ ઘણી સારી છે. આપણે તો જંગલ એટલે નરકવાસ કરવો એવું કરીએ છીએ, ગમે ત્યાં થુંકે છે. ગમે ત્યાં હાજતો પૂરી પાડે છે. આ સ્થિતિમાં મરકી ઘર કરે તેમાં શી નવાઈ?

આપણે આપણા શહેરોની સ્થિતિ નહીં બદલાવીએ, આપણી બુરી ટેવો નહીં બદલાવીએ,આપણા પાયખાના નહીં સુધારીએ ત્યાં સુધી આપણા સારું સ્વરાજની કિંમત નથી રહેવાની.

ડિસેમ્બર 1917 ના અંતિમ દિને ગાંધીજીએ કલકત્તાની અખિલ ભારતીય સમાજસેવા પરીષદમાં તબીબોની ટીકા કરતા મરકી અને મેલેરીયા ના નિવારણમાં નિષ્ફળતા પર ટિપ્પણી કરી.

- **ગામસફાઈ અંગે ગાંધીજીના પ્રયાસો** -:

મજૂરી ને બુધ્ધી વચ્ચે ફારગતી થઈ છે. તેથી ગુનો ગણાય તેટલી હદ સુધી આપણા ગામડાઓ તરફ આપણે બેદરકાર થયા છીએ. એટલે શોભતા ને રળિયામણા નાના નાના ગામો ઠેર ઠેર પથરાયેલા હોય. તેને બદલે આપણે ત્યાં ઉકરડા જોવા મળે છે. ઘણા કહો કે લગભગ બધા ગામોમાં પેસતી વખતે જ અનુભવ થાય છે. તેનાથી આનંદ ઉપજતો નથી.ભાગોળ આજુબાજુ એવી ગંદકી હોય છે. અને તેમાંથી એવી બદબો ઊઠે છે. કે ઘણીવાર ગામમાં પેશનારને આંખ મીચી જવી પડે છે. ને નાક દબાવવું પડે છે. મોટાભાગ ના મહાસભાવાદીઓ ગામડાના વતનીઓ હોવા જ જોઈએ, તેમ હોય તો તેમણે આપણા ગામડાઓને બધી રીતે ચોખાઈના નમૂના બનાવવા જોઈએ. પણ ગામડાના લોકોને નિત્ય એટલે કે, રોજ રોજના જીવનમાં ભાગ લેવાને અથવા તેની સાથે એકરૂપ થવાની તેમણે પોતાની ફરજ કદી માની નથી. રાષ્ટ્રીય કે સામાજિક સફાઈને આપણે જરૂરી ગુણ માન્યો નહીં, અને કેળવ્યો પણ નથી. આપણે રિવાજથી અમુક ઢબે નહાઈએ છીએ. જળ સ્રોતો ના પાણી બગાડતા કે ગંદુ કર્તા આપણને છિત થતી નથી.આપણી આ ખામને હું એક મોરો દુર્ગુણ ગણું છુ.આપણે પછી પેદા થતા રોગો દુર્ગુણના ફળરુપે ભોગવીએ છીએ.

આજની ગ્રામસભાના મુદ્દામાં આજે પણ કશું બદલાયું નથી. ગામની ટાંકીઓ કુવાઓ અને પાણીના અન્ય સ્રોતની સ્વચ્છતા, ગોબર દૂર કરવું, શેરી અને રસ્તાની સફાઈ આજે પણ મહત્વના છે. ગોબર માટી અને કેટલાક કચરા થી મૂલ્યવાન ખાતર બની શકે, નકામા કપડા અને પસ્તીમાંથી કાગળ બનાવી શકાય, માનવ મળનો ઉપયોગ ખાતર માટે થાય. ગાંધીજીએ ટ્રી પે મિટ્ટી ની પરંપરાગત પધ્ધતિના સ્થાને માનવ મળના સંદર્ભે ડોક્ટરની પુઅરની વૈજ્ઞાનિક પધ્ધતિની સલાહ આપી હતી. વર્તમાન સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ઘણા આગળ વધી ગયા હોવા છતાં માનવ મળમાંથી ખાતર બનાવવામાં રસ ઘણો ઓછો છે. જળ સ્ત્રોતનો ઉપયોગ અનુસાર તેમાં સ્થાન નિશ્ચિતતા હવાડો, નાહવા ધોવા માટેના

ઘાટ, પીવાના અને ઘરવપરાશ અનિવાર્ય છે. ગાંધીજીના મતે આદર્શ ગામમાં ની રચનામાં સ્વચ્છતા અંગેની વ્યવસ્થા ગામ જાતે જ કરી શકે તે રીતે થાય છે. સફાઈ માટેનું શિક્ષણ અને ગ્રામીણ સેવકોને આદર્શ સફાઈ કાર્યકર તરીકે તાલીમ ગામનું સ્વચ્છતા નું ધોરણ સુધારવા માટેની બે આવશ્યકતાઓ હતી.

નગરો અને શહેરો આજના ભારતની વાસ્તવિકતા છે. ગાંધીજીને ભવિષ્ય દર્શન થઈ ગયું હતું. એકથી વધુ વાર તેમણે જણાવ્યું હતું. કે પશ્ચિમમેં હિંદ અને હિંદીઓને શહેરી સફાઈ શીખવવી પડશે, અને હિંદીઓએ શીખવાની નમ્રતા કેળવવી પડશે. લોકો પર વેરા નાખી અને સફાઈ કર્મચારીઓને પગાર ચૂકવીને કોઈપણ નગરપાલિકા કે શહેર સુધારાઈ સ્વચ્છતા અને ગીચતા ની સમસ્યા ઉકેલી શકીએ નહીં. ધનિક અને ગરીબનો સ્વૈચ્છિક સહકાર જરૂરી છે. 1939 માં હરિજનના અંકમાં તેઓએ સુધારાયના ગેરવહીવટી અને તેમના સભ્યોને ઉદાસીનતાને જવાબદાર ગણી ઝાટકાણી કાઢી હતી.

- **સ્વચ્છતા અંગે ગાંધીજીના જીવન પર્યંત વિચારો** -:

ગાંધીજી માનતા હતા કે. સ્વચ્છતા અને આરોગ્ય સંદર્ભે લોકોને અભિમુખતા તથા અભિગમ પરિવર્તન, શિક્ષણ, તાલીમ અને વ્યવહાર વગર શકાય ન હતાં. પરિણામે તેમણે ચંપારણ અને સત્યાગ્રહ આશ્રમમાં શાળાઓ શરૂ કરી. ચંપારણની ટુકડીના મહિલા સ્વયંસેવકોને જણાવ્યું હતું કે, તેમણે છોકરાને વ્યાકરણ નહીં.પણ રીતભાત શીખવાની છે. વાંચવા, લખતા કરતા તેમને સ્વચ્છતાના નિયમો શીખવાના છે. ગાંધીજીના આગામી બધા જ રાજનૈતિક કાર્યક્રમઓ અને સામાજિક સુધારણા સ્વચ્છતા અને આરોગ્ય માટે મૂળભૂત અને અનિવાર્ય થઈ પડયા.

ગાંધીજીનું જીવન અચાનક અને હિંસક પૂર્ણવિરામ તરફ ધસી રહ્યું હતું. એ સ્પષ્ટ છે કે, ગાંધીજી માટે સામાજિક સુધારણાનો એક મહત્વનો ભાગ સ્વચ્છતા અને આરોગ્ય હોવાથી. તે જાહેર ક્ષેત્રમાં પણ અગ્રતા ધરાવતું કાર્યક્ષેત્ર બની રહ્યું હતું. તેમને આ સંદર્ભે નિષ્ઠા અને વ્યવસાયિકતાની અપેક્ષા હતી, રાજકીય સ્વતંત્ર બાદ તેમણે કોંગ્રેસને સેવા માટેના મંડળમાં વિસર્જિત થવા જણાવ્યું હતું. તેનું લોક સેવક સંઘ તરીકે નામાભિધાન પણ થયું હતું. 29 જાન્યુઆરી 1948 ના શહીદીના એક દિવસ પૂર્વ સુચિત લોક સેવક સંઘ માટે બંધારણ તૈયાર કર્યું. જે ગાંધીજીના અંતિમ વસિયતનામાં તરીકે ઓળખાયું. સ્વચ્છતા અને આરોગ્ય ગાંધીજી માટે આજીવન પ્રાથમિક પ્રયાસ રહ્યા અને તેમનામાં અંતિમ વસીયાતનામાં માં પણ સ્થાન પામ્યા.

- **ઉપસંહાર** -:

**"ચોખાઈમાં પ્રભુનો વાસ છે. જેમ અપવિત્ર મન હોય તો ઈશ્વરના આશીર્વાદ પામી એ નહીં. તેવું જ અસ્વચ્છ શરીરનું છે."**

આમ સ્વચ્છતા અંગે ગાંધીજીનું આચરણ એ જ શિખામણ હતી. ગાંધીજી અને આપણે વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. પુનઃ ગાંધીજીને યાદ કરવા પ્રસ્તુત બને છે. ગામ અને શહેરમાં સ્વચ્છતા અને

સફાઈ માટે તેમની જીવનભરની લડાઈ આજે પણ સ્થાનિક લડાઈ બની રહે છે. 'જો આપણે આપણું આગણું સ્વચ્છ ના રાખી શકીએ તો આપણા સ્વરાજ માંથી દુર્ગંધ આવશે'.માટે સો ના કલ્યાણ અર્થે સ્વચ્છતા ના પ્રયાસ કર્તા રહીએ.આપણા દિલમાં સ્વચ્છતા નો દિપ પ્રગટાવીએ.

- ❖ **સંદર્ભ સૂચિ**

1. સુદર્શન આયંગાર, ગાંધીજી અને સ્વચ્છતા, પ્રથમ આવૃત્તિ,2021. સુચના અને પ્રસારણ મંત્રાલય ભારતસરકાર.

2. ગાંધી મો.ક. આત્મકથા અથવા સત્યના પ્રયોગો (2008). નવજીવન ટ્રસ્ટ અમદાવાદ.

3. ગાંધીજી, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ. 2007. નવજીવન મુદ્રણાલય અમદાવાદ.

4.ગાંધીજી, સંકલન આર કે જે પ્રભુ (2006) મારા સ્વપ્નનું ભારત. નવજીવન ટ્રસ્ટ અમદાવાદ.